ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૩ ટકા

# શહેરમાં ઉમા યાત્રિક ભવન અને અન્નપૂર્ણા ભોજનાલયનો ૨૫મીએ શુભારંભ યોજાશે

## શુભારંભ નિમિત્તે વિદ્યાર્થી સન્માન સમારોહ તથા વડીલ વંદના કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા ૨૫મી ફેબ્રુઆરીને રવિવારે ગાંધીનગર ખાતે ઉમા યાત્રિક ભવન તથા અન્નપૂર્ણા ભોજનાલયનો શુભારંભ કરવામાં આવશે. સમારોહમાં યાત્રિક ભવનનું ઉદઘાટન નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ જયારે અન્નપૂર્ણા ભોજનાલયનું ઉદઘાટન ગુરુમા સમાનંદજીના હસ્તે કરવામાં આવશે.

કડવા પાટીદાર સમાજ દ્વારા ગાંધીનગર ખાતે ઉમા યાત્રિક ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ભવનમાં અન્નપૂર્ણા ભોજનાલયનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૨૫મી ફેબ્રુઆરીએ યોજાનારા ઉદઘાટન સમારોહ નિમિત્તે એક દિવસ અગાઉ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૪મી ફેબ્રુઆરીને શનિવારે બપોરે ૪ કલાકે આમંત્રિત મહેમાનો દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ તથા જી.પી.એસ.સી.ના ઉમેદવારો માટે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં મહેમાન તરીકે આઈ.એ.એસ. અધિકારીઓ મનોજ દાસ, સતીષ પટેલ, દેવાંગ દેસાઈ અને સરદારધામના મહામંત્રી જશવંત પટેલ તથા સંયુકત સચિવ ડી.આર. પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત શનિવારે રાત્રે ૭.૩૦ કલાકે સમાજના ૭૫ વર્ષ વટાવી ચૂકેલા ટ્રસ્ટી તથા દાતાઓ માટે 'વડીલ વંદના સન્માન કાર્યક્રમ'નું પણ આયોજન કરવામાં આવ્યું છે. વડીલ વંદના કાર્યક્રમ બાદ રાત્રે ૮.૩૦ કલાકે લોક સાહિત્ય સભર લોકડાયરો ભીખુદાન ગઢવીના કંઠે યોજાશે.

૨૫મી ફેબ્રુઆરીએ ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે ઉમા યાત્રિક ભવનનું ઉદઘાટન કરવામાં આવશે. ઉમા યાત્રિક ભવનમાં સમન્વિત અન્નપૂર્ણા ભોજનાલયનો શુભારંભ ગુરુમા સમાનંદજીના હસ્તે કરવામાં આવશે. ઉદઘાટન સમારોહ પૂર્વે સવારે ૯ કલાકે ગુરુમા સમાનંદજી આશીર્વચન આપશે. આ ઉપરાંત ઉમા યાત્રિક ભવનના દાતાઓનું સન્માન અને મહાનુભાવોનું ઉદબોધન કર્યા બાદ બપોરે ૧૨.૩૦ કલાકે ઉદઘાટન કરવામાં આવશે. ઉદઘાટન સમારોહમાં રાજયમંત્રી પુરુષોત્તમ રૂપાલા, કેબીનેટ મંત્રી સૌરભ પટેલ તેમજ મહાનગરપાલિકાના મેયર પ્રવિણ પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત અતિથિ વિશેષ તરીકે વાડીલાલ પટેલ, સુરેશ પટેલ, પ્રહલાદ પટેલ, અશોક પટેલ તથા મનુ પટેલ, હસમુખ પટેલ અને પ્રમુખ પટેલ હાજરી આપશે.

ઉમા યાત્રિક ભવન અને અન્નપૂર્ણા ભોજનાલયના ઉદઘાટન નિમિત્તે આચાર્ય જીતુ શાસ્ત્રીના સાંનિધ્યમાં લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯ કલાકે પ્રારંભ થનારા લઘુરૂદ્ર યજ્ઞની પૂર્ણાહુતિ સાંજે ૪.૩૦ કલાકે થશે. આ ઉપરાંત બપોરે ૩ થી ૪ કલાક દરમિયાન સંસ્થાના કાર્યકરો તેમજ પત્રિકાના યજમાનોને સન્માનાશે. સમગ્ર કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ સાંજે ૬ કલાકે ભોજન પ્રસાદ પીરસાશે. કડવા પાટીદાર સમાજ દ્વારા આયોજિત ઉમા યાત્રિક ભવન અને અન્નપૂર્ણા ભોજનાલયનો શુભારંભ સમારોહ સેકટર-૧૨માં આવેલા ઉમિયા માતાજી સંસ્થાન ખાતે રાખવામાં આવ્યો છે. સમારોહમાં કડવા પાટીદાર સમાજના જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

## ઉનાળાની દસ્તક સાથે જ તરબુચ પ્રત્યક્ષ



ધીમે પગલે ગરમી વધી રહી છે જે આકરા ઉનાળાના ભણકારા આપી રહી છે. તાપમાન દિન-પ્રતિદિન ઉંચુ જઈ રહ્યું છે ત્યારે ગરમીમાં અતિ પ્રિય એવા સ્વાદિષ્ટ તરબુચ પણ બજારમાં પ્રત્યક્ષ થયા છે. તરબુચ એક એવું ફળ છે જે પાણીની કમીનો પર્યાય બન્યું છે જેથી ગરમીના દિવસોમાં તરબુચ સૌથી વધુ આરોગાતું ફળ ગણાય છે. હાલ ઉનાળાની દસ્તક સાથે જ તરબુચના દર્શન પ્રત્યક્ષ બન્યા છે અને લોકો પણ હોંશે હોંશે ખરીદી કરી રહ્યા છે. વધુમાં ઉનાળા દરમિયાન થતા રોગો જેવા કે પથરી, કિડનીના રોગ, મુત્રાશયના રોગ તેમજ લોહીની ઉણપમાં પણ તબીબો દ્વારા તરબૂચના સેવનને પ્રાધાન્ય અપાય છે. જો કે પહેલા નદી કિનારે કે તળાવ વગેરે સ્થળોએ ખેતી થતા તરબૂચ હવે ખેડૂતો આધુનિક ટેકનોલોજીના સથવારે ખેતરમાં જ ઉત્પાદન કરી રહ્યા છે. અંદરથી લાલ ચટાક અને સ્વાદમાં મીઠા મધૂર તરબૂચની માંગ સૌથી વધારે રહે છે જેને ઠંડા કરી આરોગવા એ લોકોને વધુ પસંદ છે. આમ ગરમીની સિઝનની શરૂઆતથી જ તરબૂચ મોટી માત્રામાં દુકાનો, લારીઓ અને શાકમાર્કેટમાં ઉપલબ્ધ બન્યા છે.

## સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીની યુનિવર્સીટી ક્રિકેટ ટીમમાં કેપ્ટન તરીકે વરણી

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના યુવાન વિદ્યાર્થીઓનો સંર્વાગી વિકાસ થાય તે માટે રાજ્ય સરકારના અભ્યાસ ઉપરાંત રમત-ગમત, કલા, સંશોધન જેવા ક્ષેત્રોમાં પણ વિદ્યાર્થીઓને તક આપી રહી છે. ત્યારે રાજધાનીની સરકારી વિજ્ઞાન કોલેજ સેકટર-૧૫, ગાંધીનગરના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી માનવેન્દ્ર મહેતાએ કોલેજને ગૌરવ અપાવ્યું છે અને તેની મહેનત, અથાગ પરિશ્રમ અને એકાગ્રતા/નેતૃત્વશક્તિના ગુણને લીધે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સીટીની કુલ (૪૮) કોલેજમાંથી ક્રિકેટ ટીમનું



કપ્તાનપદ માનવેન્દ્ર મહેતાને આપવામાં આવ્યું છે. માનવેન્દ્ર આ આગાઉ કુચ બિહાર ટ્રોફી, વિનુ માકંડ ટ્રોફી, વિજયહજારે ટ્રોફી વગેરે ટ્રોફીમાં પસંદગી પામેલ હતા. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી કે.જી. છાયાએ તેમને આ સિધ્ધી બદલ અભિનંદન પાઠવતા કહ્યુ હતું કે, ૧૯૭૦માં આ કોલેજ શરૂ થઈ ત્યારથી કોલેજને આવું માન અપાવનાર માનવેન્દ્ર મહેતા પ્રથમ વિદ્યાર્થી છે. હાલમાં માનવેન્દ્ર મહેતા આંતર યુનિવર્સીટી સ્પર્ધામાં ગુજરાત યુનિવર્સીટીની ટીમને લઈને મધ્યપ્રદેશ જવા રવાના થયેલ છે ત્યારે સમગ્ર કોલેજ સ્ટાફ તથા વિદ્યાર્થીજગતમાં આનંદ-ગૌરવની લાગણી જોવા મળી રહી છે.

ટીમના અન્ય સદ્સ્યોના નામ : માનવેન્દ્ર મહેતા, મિહિર ભટ્ટ, ખુશ જાડાવાલા, રૂતુરાજ દેસાઈ, રેયાન પટેલ, પાર્થ પરમાર, સૌરભ કુમાર , ક્ષિતિજ પટેલ, કરણ ત્રિવેદી, જયરાજસિંહ પરમાર, મનન હિંગરાજીયા, યશ પટેલ, નિર્ભય કુમાર તથા ધ્રુવ કાપડીયા.



## સાપ ગયાં ને લિસોટાં રહ્યાં...!!

આ કહેવત સેકટર-૧૭ ખાતેના એકિઝબીશન સેન્ટરની હાલત જોઈ યાદ આવી જાય છે. તાજેતરમાં અત્રે યોજાયેલા 'પ્લાસ્ટ ઈન્ડિયા' એકસ્પોએ ગાંધીનગરને પાંચ દિવસ સુધી ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાથી ઘેરી લીધું હતું. એકસ્પો પત્યા પછી નગરજનોએ રાહતનો દમ લીધો હતો. જો કે આ વૈશ્વિક કક્ષાના વિશાળ પ્રદર્શનનું સમાપન થયાં ને એક સપ્તાહ કરતા પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં એકિઝબીશન સેન્ટર તથા લાયબ્રેરી સામેનું મેદાન જયાં પણ હંગામી ડૉમ ખડા કરી દેવાયા હતા તે સ્થળે પ્રદર્શનકારીઓ અઢળક કચરો મુકીને ગયા હતા તે જેમનો તેમ છે. પોતાની અગવડ વેઠીને પણ દેશ વિદેશના પ્રદર્શનકર્તાઓની યજમાની કરનાર ગાંધીનગરની જનતાને પ્લાસ્ટ ઈન્ડિયાએ બદલામાં માત્ર આ 'કચરો' આપ્યો છે જેને શહેરનું સફાઈતંત્ર પણ જાણે 'યાદગીરી' સ્વરૂપે જાળવી રાખવા માંગતુ હોય તેવી પ્રતિતિ થઈ રહી છે.

# અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે સેમેસ્ટરપ્રથા નાબૂદીની ઝુંબેશ હાથ ધરી

ગાંધીનગર, તા.૨૦

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા શિક્ષણમંત્રીને વિદ્યાર્થીઓની સહી કરેલા ૧૫૦૦ જેટલા પોસ્ટકાર્ડ મોકલીને સેમેસ્ટર સિસ્ટમ વિરૂદ્ધ સહી-ઝુંબેશ ચલાવવામાં આવી છે.

કોલેજના વિદ્યાર્થીઓને સેમેસ્ટર સિસ્ટમને કારણે તેમના અભ્યાસક્રમમાં થતા નુકશાન તથા સેમેસ્ટર સિસ્ટમ અંતર્ગત આવતા નબળા પરિણામો અંગે શિક્ષણમંત્રીને વાકેફ કરવા માટે સેમેસ્ટર સિસ્ટમ વિરૂધ્ધ સહી-ઝુંબેશ ચલાવવામાં આવી છે. ગુજરાતભરમાંથી વિદ્યાર્થીઓની સહી કરેલા, સેમેસ્ટર સિસ્ટમનો વિરોધ કરતા લગભગ ૧૫૦૦ જેટલા પોસ્ટકાર્ડ શિક્ષણમંત્રીને મોકલવામાં આવ્યા છે. હાલમાં યુ.જી. અને પી.જી. લેવલે સેમેસ્ટર સિસ્ટમ આધારિત અભ્યાસક્રમો ચાલે છે. આ પ્રથાને કારણે એક સેમેસ્ટરના છ માસમાં બે વખત પરીક્ષા લેવામાં આવે છે. કોલેજ તથા યુનિ. દ્વારા લેવામાં આવતી પરીક્ષાને પગલે કોલેજના અધ્યાપકો પરીક્ષાના પ્રશ્નપત્ર અને પરિણામ બનાવવામાં વ્યસ્ત રહેવાથી વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ માટે જરૂરી સમય ફાળવી શકતા નથી. પરિણામે વિદ્યાર્થીઓનું વાર્ષિક પરિણામ નબળું આવે છે. સેમેસ્ટર પ્રથાને કારણે થતાં નુકશાનને પગલે રોષે ભરાયેલી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે સેમેસ્ટર સિસ્ટમ વિરૂદ્ધ ઝુંબેશ ચાલુ કરી છે.




# એનઆઈસીએમ ખાતે રમત-ગમત સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન ચ-૦ પાસે આવેલ શ્રી જયરામ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, એમબીએ ખાતે સ્ટેટ લેવલની રમત - ગમત સ્પર્ધા કુરુક્ષેત્ર - ૨૦૧૮ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ મી.દોડ, કોથળા દોડ, ગોળાફેંક, કબડ્ડી, ખો-ખો, ચેસ, કેરમ, દોરડા ખેંચ, લીંબુ-ચમચી દોડ, લાંબો કુદકો સહિતની રમતો યોજાઈ હતી. આ વિવિધ રમતોમાં ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અમદાવાદ, ગાંધીનગર, વઢવાણ, પાટણ, સુરત, સુરેન્દ્રનગર, વાલિયા, ભરૂચ, મહેસાણા, વડોદરા સહિતની કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ કુરુક્ષેત્ર ૨૦૧૮ રમત-ગમત સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.ખેલકુદ દ્વારા વ્યકિત કૌશલ્યનો વિકાસ યોગ્યતમ થઈ શકે તે સિધ્ધ કર્યુ હતું. દરેક રમતમાં વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર અને સર્ટીફિકેટ એનાયત કરી સન્માનિત કરાયા હતા. કુરુક્ષેત્ર ૨૦૧૮ રમત ગમત સ્પર્ધાને સફળ બનાવવા માટે વિદ્યાર્થીઓ અને સ્ટાફગણના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પતંજલિ યોગ સમિતિ આયોજિત યોગ શિબિર સંપન્ન

ગાંધીનગર, તા.૨૦

પતંજલિ યોગ સમિતિ અને માનસ સેવા ટ્રસ્ટ દ્વારા શહેરના સેકટર-૭માં આવેલા શિવ-શકિત મંદિરના વિશાળ પ્રાંગણમાં ૧૭, ૧૮ અને ૧૯મી ફેબ્રુઆરીએ યોજવામાં આવેલી નિઃશુલ્ક મહાયોગશિબિરની પૂર્ણાહુતિ થઈ છે. મહાયોગ શિબિરનો આશરે બે હજારથી પણ વધુ યોગાર્થી ભાઈ-બહેનોએ લાભ લીધો હતો.

મહાયોગ શિબિરનું ઉદઘાટન યોગાચાર્ય કાનજી બાવરીએ યોગ શિબિરની નાની બાલિકાના હસ્તે કરાવ્યું હતું. કાનજી બાવરી દ્વારા શરૂ કરાયેલી નવી ઉમદા પ્રથાની શરૂઆતને પગલે યોગાર્થીઓમાં આનંદનું મોજું ફરી વળ્યું હતું. શિબિરમાં યોગાચાર્ય કાનજી બાવરી દ્વારા સુંદર યોગાસન કરાવવાની સાથે સાથે યોગાસન દ્વારા થતાં ફાયદાઓ વિશે પણ સવિસ્તર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત યોગાચાર્ય દ્વારા જુદા જુદા રોગ અને શારીરિક તકલીફો દૂર કરવા માટેના યોગાસન, આયુર્વેદ, કુદરતી ઉપચાર તથા એકયુપ્રેસર અંગે પૂરતી સમજણ આપવામાં આવી હતી.

રોજ સવારે મહાયોગ શિબિર પૂર્ણ થયા બાદ યોગાચાર્ય કાનજી બાવરી દ્વારા દર્દીઓને તપાસી તેમના ઉપચાર અંગે નિઃશુલ્ક માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ત્રિદિવસીય શિબિરમાં સર્વે યોગાર્થીઓને રોજ શિબિર પૂર્ણ થયા બાદ આયુર્વેદ પધ્ધતિથી તૈયાર કરાયેલા આંબળા જયુસનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહાયોગ શિબિરનો મોટી સંખ્યામાં દર્દીઓ અને યોગાર્થીઓએ લાભ લીધો હતો.

## ડો. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની કચેરીમાં નિશાચરોનો હાથ ફેરો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય ખાતે ઓળખાતા આ વિસ્તારમાં સરકારી કચેરીઓ આવેલી છે. જીવરાજ મહેતા ભવનનો ઈન આઉટ ગેટ રાત્રે બંધ કરવામાં આવે છે તેમજ ચોવીસ કલાક સિકયુરીટી ગોઠવવામાં આવી છે. તેમ છતા જુના સચિવાલયના બ્લોક નં-૪ ખાતે આવેલ ડો. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની બારી ખોલીને ચોર ઈસમો મોનીટરની ચોરી કરી રાત્રીના અંધકારમાં ગાયબ થઈ ગયા છે. આ બનાવ તા. ૧૭ થી ૧૮ ની વચ્ચે બન્યો છે. જયારે ઓફિસમાંથી મોનીટર ચોરાયાની જાણ થતા જ જીગ્નેશ રામદાસ વ્યાસે સેકટર-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ આદરી છે.

### ચિરવિદાય

- સ્વ. પ્રવિણકુમાર રામાભાઈ પટેલ, ઉ.વ. ૫૪
- સ્વ. ઠાકોર લક્ષ્મીબેન ચહેરાજી, ઉ.વ. ૭૨
- સ્વ. વાઘેલા શારદાબેન મોહનભાઈ, ઉ.વ. ૯૪
- સ્વ. દરજી રાજુભાઈ ગાંડાભાઈ, ઉ.વ. ૪૨
- સ્વ. સોલંકી સાકીબેન રાજાજી, ઉ.વ. ૭૦

# ડાઈલેકિટ્રક બેરિયર ડિસ્ચાર્જથી ઔદ્યોગિક પ્રદૂષણ નિયંત્રિત કરી શકાશે

## વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના કેમિકલ ડીપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ દ્વારા ત્રણ દિવસીય ટેકનોફેસ્ટનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક ચાંદખેડાની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના કેમિકલ ડીપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલ ત્રણ દીવસીય ટેક્નોફેસ્ટમાં ગુજરાતની વિવિધ ૩૪ કેમિકલ ઈજનેરી કોલેજોએ ભાગ લીધો હતો. ૧૬, ૧૭ અને ૧૮ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલ આ કેમો કન્ફ્લુઅન્સ-ટુ કે ૧૮ નામના ટેક્નોફેસ્ટમાં ૨૦૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેને મૂખ્ય યજમાન જીસીસીઆઈના પ્રેસીડેન્ટ ડૉ. શૈલેષ પટવારીએ ઉદઘાટન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ ટેક્નોફેસ્ટમાં ૮ જેટલી ટેકનિકલ ઈવેન્ટસ, વર્કશોપ્સ, એક્ષ્પર્ટ લેક્ચર તથા એક્ષ્પો અને **Alumni Meet** ની સાથે સાથે ૮ નોન-ટેકનિકલ ઈવેન્ટસ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પોન્સરશીપ આધારિત આ કેમો કન્ફ્લુઅન્સ-૨કે૧૮ માં વિવિધ ખાનગી કંપનીઓએ પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. ખાસ કરીને આ ટેક્નોફેસ્ટમાં જોબમેલાનું પણ આયોજન કર્યું હતું જેમાં વિદ્યાર્થીઓ દ્વારા જ કેમ્પસમાં ખાનગી કંપનીઓને પ્લેસમેન્ટ માટે લાવવામાં આવી હતી.

દૂષિત પ્રદુષકોની સાંદ્રતામાં ભઠ્ઠીઓ અથવા અન્ય થર્મલ પ્રક્રિયાઓ કરતાં ઓછું ઊર્જા પ્રદૂષકોને સારવાર માટે પૂરતું છે. ગેસ સ્ટ્રીમમાં હાજર આવા હાઈડ્રોકાર્બન પ્રદૂષકોના ક્રેકીંગ હાંસલ કરી શકે છે. સામાન્ય રીતે કહી શકાય કે બિન સંતુલિત પ્લાઝમા ઈલેક્ટ્રોનને ઉત્પન્ન કરવા અને તેને વેગ આપવા માટે મોટા ભાગની સ્રાવ ઊર્જાનો ઉપયોગ કરે છે. આ ઈલેકટ્રોન ખૂબ પ્રતિક્રિયાશીલ મુક્ત રેડિકલ પેદા કરે છે ઝેરી સંયોજકનોને સડવા મજબુર કરે છે.

આ ગેસના નીચા તાપમાને અને વાતાવરણીય દબાણની પરિસ્થિતિઓમાં પ્રાપ્ત કરી શકાય છે, જે પ્રવાહી ગેસ અથવા બંધ ગેસ ઉપચાર માટે અત્યંત મહત્વપૂર્ણ છે. અગ્રણી વિશેષતા નાની પ્રયોગશાળા રિએક્ટરથી મોટી ઔદ્યોગિક સ્થાપનાઓમાં સરળ માપદંડ છે. ઔદ્યોગિક એપ્લિકેશન્સમાં ઓઝોન જનરેશન, પ્રદૂષણ નિયંત્રણ અને સપાટીની સારવારનો સમાવેશ થાય છે.

ડાઈલેક્ટ્રિક બેરિયર ડિસ્ચાર્જ (ડીબીડી) એ આવા એક નોન-સમતુલા પ્લાઝમા છે જેનો ઉપયોગ આ પ્રોજેક્ટમાં થાય છે. ડીબીડીનો મુખ્ય લાભ એ તેમની સરળતા અને વિશ્વસનીય, કાર્યક્ષમ અને સસ્તું વીજ પુરવઠાની ઉપલબ્ધિ છે.

ડીબીડી રિએક્ટર, નીચા થ્રેશોલ્ડ વેલ્યુ સાથે હાનિકારક સંયોજનને રદ કરવા માટે ઔદ્યોગિક પ્લાન્ટમાં વાયુ ગેસમાં ઉપયોગ કરી શકે છે. તે પ્રદૂષણને ઘટાડવામાં મદદ કરશે અને નજીકના વિસ્તારમાં કામ કરતા લોકોને મદદરૂપ થશે. ઉદ્યોગોમાં પ્રદુષણ રોકવા માટે સરકાર દ્વારા કડક નિયમોના કારણે, ઉદ્યોગો માટે પ્રદૂષણ ઘટાડવા માટે દબાણ પણ છે. ધૂમાડો ગેસ માટે ગોઠવવામાં આવેલી ડીબીડી રિએક્ટર મદદરૂપ છે. તે બિન થર્મલ પ્લાઝ્માનો ઉપયોગ કરે છે અને તેથી તે ઓછી ઉર્જાનો વપરાશ કરે છે અને ઉદ્યોગો માટે એક ભાવિ હોઈ શકે છે.




